# પી.પી. સવાણીની મેસમાં ફૂડ પોઈઝનિંગ બાદ તંત્રની આંખ ખૂલી

**સુરતની** સિવિલ-સ્મીમેર, SVNIT સહિત 31 મેસમાં આરોગ્ય વિભાગનું ચેકિંગ

**સ્મીમેરમાં** ગ્લવ્ઝ વગર કામ કરતા કર્મચારીઓને ટકોર

**સિવિલની** મેસમાં સફાઈનો અભાવ અને ખુલ્લા મસાલાના ડબ્બા મળ્યા



### ઘટના બાદ જ કેમ જાગે છે તંત્ર?

ફૂડ પોઈઝનિંગ જેવી ગંભીર ઘટના બાદ જ શહેરની મેસોમાં ચેકિંગનો ધમધમાટ શરૂ થતાં મનપાની કામગીરી સામે 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા' જેવી ચર્ચા શરૂ થઈ છે. જો મેસોમાં નિયમિત અને અસરકારક તપાસ થતી હોત તો ગ્લવ્ઝ વિના કામગીરી, રસોડામાં સફાઈનો અભાવ અને ખુલ્લા મસાલાના ડબ્બા જેવી બેદરકારી અગાઉ જ પકડી શકાય તેમ હતી. હવે આ ચેકિંગ માત્ર ઘટનાના પગલે થતી ઔપચારિક કાર્યવાહી બની રહે છે કે મેસ સંચાલકો પર સતત અને કડક નજર રાખવામાં આવે છે તે જોવાનું રહેશે. ઘટના બાદની તપાસમાં સ્મીમેરમાં ગ્લવ્ઝ વગર કામ કરતા કર્મચારીઓ અને સિવિલની મેસમાં સફાઈનો અભાવ તથા ખુલ્લા મસાલાના ડબ્બા જેવી બાબતો સામે આવી છે. સવાલ એ છે કે આ ખામીઓ વિદ્યાર્થીઓની તબિયત લથડ્યા પછી જ કેમ દેખાઈ?

સુરતઃ અબ્રામાસ્થિત પી.પી. સવાણી યુનિવર્સિટીની હોસ્ટેલમાં મેસનું ભોજન લીધા બાદ 100થી વધુ વિદ્યાર્થીઓ ફૂડ પોઈઝનિંગની ઝપેટમાં આવ્યા બાદ સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું છે. ગંભીર ઘટના બન્યા બાદ મનપાએ શહેરની મેસોમાં ચેકિંગ શરૂ કર્યું છે. જોકે, આ ચેકિંગ દરમિયાન જ સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલની મેસમાં પણ સ્વચ્છતા અને ખાદ્ય સલામતીને લગતી બેદરકારી સામે આવતાં મનપાની અત્યાર સુધીની દેખરેખ સામે સવાલો ઊભા થયા છે. મનપાના આરોગ્ય વિભાગની ત્રણ ટીમોએ સોમવારે SVNIT, સિવિલ હોસ્પિટલ, સ્મીમેર હોસ્પિટલ સહિત શહેરની કુલ 31 સંસ્થાની મેસમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મેસમાં ભોજનની ગુણવત્તા, ખાદ્ય સામગ્રીનો સંગ્રહ, રસોડાની સ્વચ્છતા, કર્મચારીઓ દ્વારા જાળવવામાં આવતી હાઈજીન અને તૈયાર ખોરાકના સંગ્રહ સહિતના મુદ્દાઓની ચકાસણી કરવામાં આવી હતી.

### 31 સંસ્થાની યાદી નીચે મુજબ છે

| સંસ્થાનું નામ | સરનામું |
|---|---|
| શીલ્પા હોસ્પિટાલિટી સર્વિસ | ગજ્જર ભવન મેસ-1, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| M/S ગીતા કેટરર્સ | ગજ્જર ભવન મેસ-2, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| શીલ્પા હોસ્પિટાલિટી સર્વિસ | કેન્ટીન એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| આર. ગોરસ કેટરર્સ | મધર ટેરેસા ભવન, મેસ-1 એન્ડ 2, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| આર. ગોરસ કેટરર્સ | સારાભાઈ ભવન, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| શીલ્પા હોસ્પિટાલિટી સર્વિસ | અટલ બિહારી વાજપેયી ભવન, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| સાઈ કેટરિંગ સર્વિસ | બાબા ભવન મેસ-2, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| M/S સકિતસ કિચન પ્રા.લિ. | બાબા ભવન મેસ-1, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| સાઈ કેટરિંગ સર્વિસ | સ્વામી વિવેકાનંદ ભવન, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| સાઈ કેટરિંગ સર્વિસ | નહેરુ ભવન, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| કેફે બીટ્સ (રાવણાય એન્ટરપ્રાઇઝ) | 1 એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| M/S સકિતસ કિચન પ્રા.લિ. | ટાગોર ભવન, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, સુરત |
| કિરણ હોસ્પિટલ | નગીના વાડી, વસ્તાદેવડી રોડ, કતારગામ, સુરત |
| શ્રી રાધાકૃષ્ણ એપાર્ટમેન્ટ પ્રા.લિ. | વસ્તાદેવડી રોડ, કતારગામ, સુરત |
| એસ.આર.કે. હોમ્સ | 112, કતારગામ, સુરત |
| શ્રી જીવસ | ગોટાલાવાડી, કતારગામ, સુરત |
| M/S અરુણ એમ. પટેલ | પ્રા.ફ. બ્લોક એ, સ્મીમેર હોસ્પિટલ, ઉમરવાડા, સુરત |
| મયુર ભજિયા એન્ડ રેસ્ટોરન્ટ | બ્લોક ડી, સ્મીમેર મેડિકલ કોલેજ, ઉમરવાડા, સુરત |
| ધ અક્ષયપાત્ર ફાઉન્ડેશન | પ્લોટ નં. 55, સપ્તશ્રી રો હાઉસની નજીક, મગોબ, સુરત |
| પી.જી. બોય્ઝ હોસ્ટેલ મેસ | બિલ્ડિંગ-એ, ન્યૂ સિવિલ હોસ્પિટલ, સુરત |
| ન્યૂ યુ.જી. ગર્લ્સ હોસ્ટે | પ્રા.ફ., ન્યૂ સિવિલ હોસ્પિટલ, સુરત |
| ગીતા કેટરિંગ સર્વિસ | યુજી બોય્ઝ બી-વિંગ, હોસ્ટેલ, ન્યૂ સિવિલ હોસ્પિટલ, સુરત |
| શ્રી સાઈ ભોજનાલય | ન્યૂ રેસિડન્ટ હોસ્ટેલ પ્રા.ફ., સરકારી તબીબી વિદ્યાલય, ન્યૂ સિવિલ |
| આશાપુરી કેટરિંગ સર્વિસ | યુજી બોય્ઝ હોસ્ટેલ, ઈ-32, ન્યૂ સિવિલ હોસ્પિટલ, સુરત |
| સરકારી નર્સિંગ કોલેજ | ન્યૂ સિવિલ હોસ્પિટલ, સુરત |
| મયુર ભજિયા એન્ડ રેસ્ટોરન્ટ | ન્યૂ સિવિલ હોસ્પિટલ, સુરત |
| આર.એસ. કોર્પોરેશન | પી.પી. સવાણી સ્કૂલ, અડાજણ, સુરત |
| જય અંબે કેટરિંગ | જમનાબા હોસ્ટેલ, વાલક પાટિયા, સુરત |
| પટેલ ભોજનાલય | આદર્શ નિવાસી શાળા, સરથાણા, સુરત |
| ન્યૂ ઈન્ટર હોસ્ટેલ | પી.જી.બી. ન્યૂ સિવિલ હોસ્પિટલ, સુરત |
| ભવાની ટ્રેડિંગ કંપની | સમરસ કન્યા હોસ્ટેલ, વી.એન.એસ.જી.યુ. કેમ્પસ, સુરત |

# પી.પી. સવાણી સામે એબીવીપીનો મોરચો

**ફૂડ** પોઈઝનિંગ બાદ વિદ્યાર્થીઓના આરોગ્ય મુદ્દે રોષ

**મેસ** સંચાલકની બેદરકારી સાબિત થાય તો ટેન્ડર રદ કરવા રજૂઆત

સુરતઃ પી.પી. સવાણી સ્કૂલની અબ્રામા સ્થિત હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ વિદ્યાર્થીઓના આરોગ્ય અને હોસ્ટેલમાં અપાતા ભોજનની ગુણવત્તાનો મુદ્દો ગરમાયો છે. અનેક વિદ્યાર્થીઓ બીમાર પડ્યા બાદ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી. આ ઘટનાને ગંભીર ગણાવી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા આજે પી.પી. સવાણી સ્કૂલ ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. એબીવીપીએ આક્ષેપ કર્યો હતો કે માત્ર તપાસની જાહેરાત કરીને સમગ્ર મામલો થાળે પાડવો યોગ્ય નથી, પરંતુ ઘટનાની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરી જવાબદારી નક્કી કરવી જરૂરી છે. વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા, સ્વચ્છતા અને સલામતી અંગે નિયમિત દેખરેખ રહે તેવી વ્યવસ્થા ઉભી કરવાની પણ માંગ કરવામાં આવી હતી. એબીવીપીના સંગઠન મંત્રી શુભમ રાજપુત સહિતના વિદ્યાર્થી આગેવાનોએ માંગ કરી હતી કે ફૂડ પોઈઝનિંગની ઘટનામાં જો કોઈ વ્યક્તિ કે સંસ્થાની બેદરકારી બહાર આવે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે. ખાસ કરીને મેસ સંચાલકની બેદરકારી સાબિત થાય તો તેનું ટેન્ડર તાત્કાલિક રદ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

### 'ભોજનના નમૂના તપાસ માટે મોકલાયા છે'

આંદોલન દરમિયાન પી.પી. સવાણી ગ્રુપના મહેશ સવાણીએ એબીવીપીના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને આપવામાં આવેલ ભોજનના નમૂના તપાસ માટે મોકલવામાં આવ્યા છે. તપાસના પરિણામ બાદ જે કોઈ દોષિત જણાશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી તેમણે વિદ્યાર્થી આગેવાનોને આપી હતી.

# આજે ક્ષમા યાચના સાથે સંવત્સરીની ઉજવણી થશે

**શહેરભરના** ઉપાશ્રયોમાં સાંજના પ્રતિક્રમણ પછી કહેવાશે 'મિચ્છામી દુક્કડમ'



સુરત :જૈન ધર્મના સૌથી પવિત્ર અને મહાન પર્વ 'પર્યુષણ'ના અંતિમ દિવસે આજે સમગ્ર દેશ અને દુનિયામાં શ્રદ્ધાભેર 'સંવત્સરી'ની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષ દરમિયાન મન, વચન કે કાયાથી થયેલી ભૂલો માટે સાચા હૃદયથી પશ્ચાતાપ કરી, તમામ જીવો પ્રત્યે ક્ષમાભાવ કેળવવાનો આ વિશેષ અવસર છે. જેથી સુરતના તમામ ઉપાશ્રયો અને જીનાલયોમાં તેની ઉજવણી કરવામાં આવશે. સાંજના પ્રતિક્રમણ પછી જૈનો મિચ્છામી દુક્કડમ એટલે મન, વચન અને કાયાથી જો કોઇ ભૂલ થઇ હોય તો તેની માફી માંગશે.

આજના પવિત્ર દિવસે જિનાલયો અને ઉપાશ્રયોમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ભગવાન મહાવીર સ્વામીના 'જીવો અને જીવવા દો' તેમજ 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'ના સંદેશને આત્મસાત કરી સમાજના અબાલ-વૃદ્ધ સૌ કોઈ આત્મશુદ્ધિની સાધનામાં લીન બન્યા છે.

સંવત્સરીના દિવસે વિશિષ્ટ આરાધના તરીકે જિનાલયોમાં તીર્થંકર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા અને સ્નાત્ર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, આબાલ-વૃદ્ધ સૌ કોઈ આજના દિવસે સાંજ સમયે અનિવાર્ય ગણાતું 'સાંવત્સરિક પ્રતિક્રમણ' કરશે. આ પ્રતિક્રમણ દ્વારા વર્ષ દરમિયાન થયેલા દોષોનું સ્મરણ કરી તેની આલોચના કરવામાં આવે છે.

સંવત્સરી નિમિત્તે હજારો શ્રદ્ધાળુઓએ અઠ્ઠાઈ (આઠ દિવસના ઉપવાસ), અઠ્ઠમ (ત્રણ દિવસના ઉપવાસ) તેમજ એકાશણા જેવા કઠોર તપ-જપની પૂર્ણાહુતિ કરી છે. ઉપાશ્રયોમાં ગુરુભગવંતોના મુખેથી 'કલ્પસૂત્ર'નું વાચન અને સંવત્સરીના ક્ષમાપના વિષય પર માર્ગદર્શક પ્રવચનો યોજાયા હતા.

પ્રતિક્રમણ પૂર્ણ થયા બાદ જૈન સમાજના લોકો એકબીજાને હાથ જોડીને અને નમ્રતાપૂર્વક "મિચ્છામિ દુક્કડં પાછવે છે. જેનો સરળ અર્થ થાય છે કેમારા દ્વારા જો તમારું મન દુભાયું હોય કે કોઈ ભૂલ થઈ હોય, તો મને હૃદયથી માફ કરશો. કોઈ સાથે વેરઝેર કે મનદુ:ખ રાખ્યા વિના સંબંધોને પુનઃ પવિત્ર બનાવવાનો આ પર્વ સાચા અર્થમાં સદભાવના અને ભાઈચારાની મિસાલ પૂરી પાડે છે.

# લોક જામ થતાં ચોથા માળે એક જ પરિવારના 6 સભ્ય ફ્લેટમાં કેદ!

સુરતઃ શહેરના વરાછા વિસ્તારમાં સોમવારે સવારે ચોથા માળે ફ્લેટનો દરવાજો લોક થઈ જતાં એક જ પરિવારના છ સભ્ય ફ્લેટમાં ફસાઈ ગયા હતા. વરાછાના શણગાર પેલેસના ચોથા માળે આવેલા ફ્લેટમાં જૈન પરિવાર રહે છે. દરમિયાન સોમવારે સવારે ફ્લેટનો મુખ્ય દરવાજો લોક થઈ ગયો હતો. જેના કારણે અંદર હાજર સભ્યો હિતેશ જૈન (ઉં.વ.48), સપના જૈન (ઉં.વ.40), પરિમલ જૈન (ઉં.વ.57), ભૂમિ જૈન (ઉં.વ.19), ઉમંગ જૈન (ઉં.વ.16) અને અરિહંત જૈન (ઉં.વ.14) અંદર જ કેદ થઈ ગયા હતા. સ્થાનિક લોકોએ પણ દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જૂનું લોક જામ થઈ ગયું હતુ. ફાયર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ફ્લેટનો દરવાજો ખોલ્યો હતો.

# ગોડાદરામાં રાત્રે બાઈકોમાં તોડફોડ

**હુમલાનો** વિડીયો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થતાં ગોડાદરા પોલીસે પાંચ સામે ગુનો નોંધ્યો

સુરતઃગોડાદરા વિસ્તારમાં આવેલી કેશરભવાની સોસાયટી નજીક મોડી રાત્રે અસામાજિક તત્વોએ ભારે આતંક મચાવ્યો હતો. જાહેર રોડ પર ગાળાગાળી કરી પાર્ક કરેલી મોટરસાયકલોમાં તોડફોડ કરી રહેલા પાંચ શખ્સોએ ત્યાંથી પસાર થઈ રહેલા એક યુવક પર હુમલો કરી દીધો હતો. યુવકને મુક્કો મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી લોખંડના સળિયા સાથે પાછળ દોડતાં યુવક મોપેડ પર ભાગી છૂટ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થતાં ગોડાદરા પોલીસે ચેતન, શુભમ, ઋત્વિક, રાકેશ અને મેહુલ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ગોડાદરા મહારાણા પ્રતાપ સોસાયટી ખાતે રહેતો ૨૭ વર્ષીય વિશાલ વિજય સપકાળે વરાછાની શ્રદ્ધા લેબોરેટરીમાં બ્લડ કલેક્શનનું કામ કરે છે. ગત તા. ૧૧/૦૯/૨૦૨૬ના રોજ તેના માતા-પિતા વતનમાં માસાનું અવસાન થતાં ગામડે ગયા હતા. વિશાલે સોસાયટીમાં ડી.જે. સાથે ગણેશજીની મૂર્તિની સ્થાપનામાં ભાગ લીધો હતો. રાત્રે પોણા બારેક વાગ્યે ઘરે આવ્યા બાદ ભૂખ લાગતાં તે તેના મિત્ર રોહિત સાથે એકટીવા મોપેડ લઈને સુરત રેલ્વે સ્ટેશન ખાતે નાસ્તો કરવા ગયો હતો.મોડી રાત્રે સાડા ત્રણેક વાગ્યે મિત્રને ઘરે મૂકી વિશાલ પ્રિયંકા મેગાસિટી પાસે સોડા પીને ઘરે જઈ રહ્યો હતો. તે સમયે કેશરભવાની સોસાયટી સ્થિત નિરામય હોસ્પિટલ સામે જાહેર રોડ પર અગાઉથી ઓળખીતા ચેતન રમેશ લોનારી (રહે. ડીંડોલી) તથા શુભમ ઉર્ફે ભાયા ખટીક (રહે. કેશરભવાની સોસાયટી) ગંદી ગાળો બોલી રોડ પર પાર્ક કરેલી મોટરસાઈકલોમાં તોડફોડ કરી રહ્યા હતા. તેમની સાથે ઋત્વિક દર્જી, રાકેશ સંપતભાઈ વેલ્લે અને મેહુલ અમૃતસાગર પણ ઉભા હતા. વિશાલ ત્યાં પહોંચતાં જ ચેતન અને શુભમે તેને ઘેરી લીધો હતો. ચેતને વિશાલને મુક્કો મારી "તને છોડીશ નહીં, પતાવી દઈશ" તેવી ધમકી આપી હતી. તે દરમિયાન શુભમ ઉર્ફે ભાયા ખટીક હાથમાં લોખંડનો સળિયો લઈને વિશાલને મારવા પાછળ દોડ્યો હતો. જેથી જીવ બચાવવા વિશાલે પૂરઝડપે મોપેડ હંકારીને ઘરે જતો રહ્યો હતો. સવારે વિશાલ પોતાના વતન જલગાંવ જવા રવાના થયો હતો અને સાંજે સુરત પરત ફરતાં આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હોવાનું ધ્યાન પર આવ્યું હતું. આખરે વિશાલે ગોડાદરા પોલીસ સ્ટેશને પહોંચી હતી.

# બિનવિવાદી અધિકારી ધર્મેશ પટેલનું અવસાન



સુરતઃ સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં અધિકારીઓની અછત વચ્ચે વધુ એક આંચકો લાગ્યો છે. શહેરના ગરીબ વિદ્યાર્થીઓને હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું પાડતા મનપાના સુમન સેલના પાયાના પથ્થર તેમજ વડા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઈનચાર્જ શાસનાધિકારી તરીકે જવાબદારી સંભાળતા ધર્મેશ પટેલનું સોમવારે વહેલી સવારે ટૂંકી માંદગી બાદ નિધન થયું હતું. બિનવિવાદી, ખંતીલા અને સૌમ્ય સ્વભાવના અધિકારી તરીકે જાણીતા ધર્મેશ પટેલની અચાનક વિદાયથી મનપાના વહીવટી વર્તુળમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. શહેરના ગરીબ અને જરૂરિયાતમંદ વિધાર્થીઓ માટે શરૂ થયેલા સુમન સેલના તે પાયાના પથ્થર હતા.





બિનીતા મંચક ત્રિવેદી, મહેર નગર, અડાજણ


અનિકેત નાઈક & સૃષ્ટિ નાઈક, ઘોડદોડ રોડ


રાજેશ બેકાવાલા, નેસ્ટ ઓર્ચિડ, ભીમરાડ, સુરત



સ્વરા અને મિષ્ઠી, ભાઠેના-2,સુરત



અભિષેક કબુતરવાલા, વનિતા બંગલોઝ, અલ્થાણ


રાજેશ ભગત, બી 303 શ્યામ સૃષ્ટિ એપાર્ટ. એલ પી સવાણી રોડ


ચંદ્રેશ લેશવાલા, ચોગાન શેરી, સગરામપુરા, સુરત


સંકેત પટેલ, દરજી મહોલ્લો, અડાજણ ગામ


જક્સ જય જશાણી, કલ્પવૃક્ષ ગાર્ડન એપાર્ટ, પાલ


હિમાંશુ એન પટેલ, નાનપુરા, ખારવાવાડ, સુરત


જયના પટેલ, અંબર પેલેસ, ટિમલીયાવાડ, નાનપુરા


રાજવીર અને સિધ્ધી લાલા, સુલતાનાબાદ, ડુમસ


શિવ, અડાજણ


ધર્મેશ, રુતા, યશવી જરીવાલા, નિલમ સોસાયટી ,ઉમરા


તન્વી ઘીવાલા, સંગીતા પાર્ક-બી, તાડવાડી, રાંદેર


ખ્યાતિ પટેલ, પાલ